# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# પ્રેસનોટ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ તા.૨૫.૧૨.૨૦૨૦ થી હડતાલ ઉપર ઉતરેલ. નોકર મંડળ તથા જુદા જુદા મંડળના પ્રતિનિધિઓને મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા તા.૨૮.૧૨.૨૦૨૦ ના રોજ વાટાઘાટો માટે બોલાવેલ. તે સમયે આપેલ આવેદન પત્ર ના મુદાઓ અન્વયે ચર્ચા વિચારણા ઉગ્ર થતા વાટા ઘાટો અટકાવી દેવામા આવેલ અને મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા નોકર મંડળ તથા જુદા જુદા મંડળના મુદાઓ અંગે જરૂરી નિર્ણય માટે નીચે જણાવેલ ત્રણ ડે.મ્યુનિસિપલ કમિશનરની કમિટીની રચના કરેલ.

૧.શ્રી દિલીપકુમાર રાણા, આઈ.એ.એસ, ડે.મ્યુનિસિપલ કમિશનર (પ.ઝોન)
૨.શ્રી એમ એન ગઢવી, આઈ.એ.એસ, ડે.મ્યુનિસિપલ કમિશનર (ફાયર બ્રિગેડ / પબ્લિસીટી)
૩.શ્રી આર્જવ જે શાહ, ડે.મ્યુનિસિપલ કમિશનર (વહીવટ)

ઉપરોક્ત કમિટી તા.૨૯.૧૨.૨૦૨૦ ના રોજ મળેલ. અને જરૂરી ચર્ચા વિચારણા કર્યા બાદ કમિટી દ્વારા નોકર મંડળના પ્રતિનિધિ સાથે પણ જરૂરી શાંતિપૂર્વક વાટાઘાટો કરવામા આવેલ. જુદા જુદા મંડળો દ્વારા આવેદનપત્રમા કરેલ રજૂઆત અન્વયે વાટાઘાટાના અંતે કમિટી દ્વારા નીચે મુજબ નિર્ણય કરવામા આવેલ. કમિટીના નિર્ણયથી પ્રેરાઈને નોકર મંડળના પ્રતિનિધિ શ્રી કલ્પેશ મકવાણા દ્વારા હડતાલ વિથ ડ્રો કરવામા આવેલ છે અને કાલથી શહેરમા સફાઈની કામગીરી રાબેતા મુજબ શરૂ કરવામા આવશે તેમ મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ કચેરી ખાતે મીડીયા સમક્ષ જાહેરાત કરેલ છે.

| અનુ ન | પ્રતિનિધિઓની રજૂઆત | કમિટીનો નિર્ણય |
|---|---|---|
| ૧ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમા જુદા જુદા જી.ડી.ઇએસટી થી નોકરીમા કાયમી કરવામા આવેલ સફાઈ કામદારોને વારસાઈની નોકરીનો લાભ આપવા બાબત | અમદાવાદ મહાનગર પાલિકામા જુદા જુદા તબક્કી કામ કરતા હંગામી / અંશકાલીન કર્મચારીઓને કાયમી કરવા અંગેના ઠરાવો સને ૨૦૧૬ તથા ૨૦૧૭ મા સ્ટે.કમિટી દ્વારા કરવામા આવેલ છે. હાલની માંગણી જોતા આ કામદારોને કે જેમા અંશકાલીન કામદારોને , હંગામી કામદારો તેમજ અમદાવાદ મહાનગર પાલિકાના સંલગ્ન જુદી જુદી સંસ્થાઓના કર્મચારીઓનો પણ સમાવેશ |

<table>
<tr><th>અનુ ન</th><th>પ્રતિનિધિઓની રજૂઆત</th><th>કમિટીનો નિર્ણય</th></tr>
<tr><td></td><td></td><td>થાય છે. આ પૈકી જે જે સંસ્થાઓમા કાયમી કર્મચારીઓને વારસાઈનો લાભ મળે છે તેવી જ રીતે લાભ આપવા માટે સ્ટે.કમિટી અને જનરલ બોર્ડમા આ બાબતનો ઠરાવ કરવો જરૂરી છે. આ પ્રકારના લાભ આપવા નીતી વિષયક બાબત હોઈ ધી જી પી એમ સી એકટની જોગવાઈને ધ્યાને રાખીને નિર્ણય કરવાનો રહે છે.<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૦.૧૨.૨૦૨૦ ના હુકમથી મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રીને નીતી વિષયક નિર્ણય લેવાના અધિકાર આપવામા આવેલ નથી. તેથી કમિટી દ્વારા આગામી સમયમા એટલે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ વિધિવત સ્ટે.કમિટી અને જનરલ બોર્ડની રચના થયેથી આ બાબતે યોગ્ય નિર્ણય કરવા માટે સોલીડ વેસ્ટ મેને વિભાગ દ્વારા વહીવટ મારફતે દરખાસ્ત તૈયાર કરવામા આવે તેવી ભલામણ કરેલ છે.</td></tr>
<tr><td>૨</td><td>ફુલ ટાઈમ રોજીદા કામદાર ફરજ બજાવતા હોય તેઓ કાયમી થવા પાત્ર હતા પરંતુ તેઓ વય મર્યાદાને કારણે નિવૃત થયેલા તેવા કર્મચારીના કોઈ પણ વારસદારને ફુલ ટાઈમ રોજીંદામા નોકરી આપવી</td><td rowspan="2">સમિતિ દ્વારા તથા જુદા જુદા મંડળો દ્વારા કરવામા આવેલ રજુઆત મુખ્યત્વે વારસદાર નક્કી કરી વારસદારનો લાભ આપવા માટેની રજુઆત છે આ બાબતે મુખ્યત્વે મુદા ન ૧ અંગે નીતી વિષયક નિર્ણય થઈ જાય ત્યાર બાદ કરવાની કામગીરી હોઈ નીતી વિષયક નિર્ણય કરવા અંગેની દરખાસ્ત સાથે આ મુદા ન ૨, ૩ તથા ૪ મા દર્શાવેલ બાબતોનો પણ યોગ્ય નિર્ણય કરવાનો રહે છે. જેથી સોલીડ વેસ્ટ મેને વેસ્ટ મેને વિભાગ દ્વારા વહીવટ</td></tr>
<tr><td>૩</td><td>ફુલ ટાઈમ રોજીદા સફાઈ કામદાર ફરજ બજાવતા હોય તેવા કાયમી થવા પાત્ર હતા પરંતુ તેઓનુ ફરજ દરમ્યાન અવસાન થયેલ છે તેવા મૃત કર્મચારીઓના પરિવારના કોઈ પણ એક વારસદારને ફુલ ટાઈમ રોજીદામા નોકરી</td></tr>
</table>

| અનુ ન | પ્રતિનિધિઓની રજૂઆત | કમિટીનો નિર્ણય |
|---|---|---|
| | આપવી | મારફતે દરખાસ્ત તૈયાર કરવામા આવે ત્યાર આ બાબત આવરી લેવા ભલામણ કરેલ છે. |
| ૪ | ફુલ ટાઈમ રોજીદા સફાઈ કામદારો તથા પાર્ટ ટાઈમ ફરજ બજાવેલ હોય તેવા કર્મચારીઓને કૌટુબીક બીમારીઓના કારણસર ફરજ પર હાજર થયેલ / રહેલ ન હોય તેવા ફુલ ટાઈમ અને રોજીદા પાર્ટ ટાઈમ કામદારોને પુન : ફરજ પર હાજર કરવા | |
| ૫ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમા આવેલા સમગ્ર ખાતાઓના (૭) સાત ઝોનમા તેમજ અલગ અલગ વોર્ડમાં રાત્રિ તથા દિવસ દરમ્યાન ચાલતી કામગીરીના કોન્ટ્રાકટ પ્રથાને નાબૂદ કરવી. | હાલમા ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મીશન અંતર્ગત જુદા જુદા શહેરોમા સ્વચ્છતા માટે એવોર્ડ આપવામા આવી રહેલ હોઈ આ સંજોગોમા શહેરના નાગરીકોને મહતમ સફાઈ સાથેનુ શહેર આપવુ એ અમદાવાદ મહાનગર પાલિકાની પ્રાથમિક જવાબદારી હોઈ આ બાબતે જરૂરીયાત મુજબ કોન્ટ્રાકટથી કામગીરી કરાવવાની પ્રથા અમલમા આવેલ છે અને જરૂરીયાત પ્રમાણે તેમા વધારો / ધટાડો ઝોન કક્ષાએ કરવામા આવે છે. જેથી હાલના તબક્કે આ પ્રથામા કોઈ ફેરફાર કરવાનો રહેતો નથી. |